
વર્ષ : ૩ અંક : ૩ ડિસેમ્બર–૨૦૨૦

# પ્રકાશ

## વિહંગાવલોકન

# NATIONAL EDUCATION POLICY 2020



શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
માન. શિક્ષણમંત્રીશ્રી,
ગુજરાત સરકાર.

શ્રી ઝવેરચંદ મેઘાણી
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
સુરેન્દ્રનગર

# તસવીરો...



શ્રી રાવળીચાવદર માધ્યમિક શાળાના
શ્રી જયેશભાઇ પઢારીયા દ્વારા લિખિત
ધોરણ ૧૦ની "Textual Question Bank
with QR Codes" પુસ્તકનું વિમોચન



ઈનોવેશન ફેસ્ટિવલ
પ્રમાણપત્ર વિતરણ



નિષ્ઠા તાલીમ મોડ્યૂલ–૧૪નું
ડાયેટ ટીમ દ્વારા
બાયસેગમાં પ્રેઝન્ટેશન પ્રસારણ



અંગ્રેજી વિષય સાહિત્ય
નિર્માણ કાર્યશાળા

વર્ષ : ૩

# પલાશ

અંક : ૨

અધ્યક્ષ : ડૉ. સી. ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા

સલાહકાર સમિતિ

શ્રી વિમલભાઇ યુ. દંગી
ડૉ. મનીષભાઇ એન. પંડ્યા
શ્રી જયેન્દ્રભાઇ જે. જોશી
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
શ્રી પીયૂષભાઇ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઇ કે. ગોસાઇ

સંપાદક મંડળ

શ્રી ચંદ્રકાન્તભાઇ વ્યાસ
ડૉ. મહેશભાઇ રાવલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઇ વાઘેલા
શ્રી હિતેશભાઇ ઠાકર
શ્રી જાતુશભાઇ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી નીતિનભાઇ પંચાલ
શ્રી ધનજીભાઇ વાલેરા
શ્રી મુકેશભાઇ બદ્રેશિયા

## પલાશત્વ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ વિશેષાંક.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦નો આપ સૌ સમક્ષ વિશેષાંક આપી રહ્યા છીએ. જેમાં દૈનિક સમાચાર પત્ર ફુલછાબમાં માન. શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ દ્વારા પ્રગટ થયેલ સાભાર લેખ છે. જેમાં તેમનું જે ચિંતન-મનનનું વિહંગાવલોકન છે જે આપ સૌ રાજ્ય સરકારના રાષ્ટ્રીય શિક્ષણનીતિના લક્ષ્યાંકો-કાર્યોથી વાકેફ કરશે.

સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકા-જિલ્લા કક્ષાનો યોજવામાં આવેલ ઇનોવેશન ફેસ્ટિવલ તથા Toys Fairના જિલ્લા કક્ષાએ પસંદગી થયેલ કૃતિઓના વીડિયો ઉતારવામાં આવ્યાં છે. જે ડાયેટની YouTube ચેનલ ઉપર મૂકવામાં આવેલાં છે. જે આ અંકમાં આપવામાં આવેલ QR કોડથી નિહાળી શકો છો.

ક્રમશઃ શિક્ષણ મહાવિદ્યાલયો ફરી શરૂ થઇ રહ્યાં છે. આપણે સૌ પણ પ્રયાસ કરીએ પ્રાથમિક શાળાઓનાં બાળકોનો કલરવ ગુંજતો થાય.

''सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम्।''

।। સાથે ચાલો, સાથે બોલો, તમારા સૌનાં મનમાં એકસમાન વિચારો જન્મો. ।।

अनुगृहीताःस्मः ।

: પત્રવ્યવહાર – સંપર્ક :

ફોન નં. (૦૨૭૫૨) : ૨૨૩ ૧૭૦
મોબાઇલ નં. : ૭૫૬૭૮ ૬૫૪૬૭
ઇ-મેઇલ : palash.dietsnr@gmail.com
બ્લોગ : dietsurendranagar.blogspot.com
વેબસાઇટ : www.dietsnr.org

શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરૂકૂળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૨૦નું વિહંગાવલોકન | ૦૩ |
| ૨ | NEP 2020 પર માનનીય શિક્ષણમંત્રી શ્રી ચુડાસમા સાહેબનું ચિંતન | ૧૦ |


## : લેખકો માટે :

- પલાશ માટેના લેખ શ્રુતિ ફોન્ટ, સાઇઝ ૧૨ મા કમ્પ્યુટરરાઇઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ–મેઇલ એડ્રેસ : palash.dietsnr@gmail.com પર મોકલવા અને ભાવ–પ્રતિભાવો પણ ઉપરના ઇ–મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોશ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઇએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે – તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતા વિચાર – વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહિં.

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ – ૨૦૨૦નું વિહંગાવલોકન

- **રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ની સમિતિ :**

૧. અધ્યક્ષ કે. કસ્તૂરીરંગન : ભૂતપૂર્વ અધ્યક્ષ, ઇસરો, બેંગાલુરુ

૨. સભ્યો : વસુધા કામત : ભૂતપૂર્વ કુલપતિ વીમેન્સ વિશ્વવિદ્યાલય, મુંબઇ

૩. મંજુલ ભાર્ગવ : આર. બ્રાન્ડોન ફ્રેડ પ્રોફેસર ઑફ મૅથેમેટિક્સ, પ્રિન્સટન યુનિવર્સિટી, યુ.એસ.એ.

૪. રામશંકર કુરિલ : ભૂતપૂર્વ સ્થાપક કુલપતિ, બાબાસાહેબ આંબેડકર સામાજિક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય, અમરકંટક, મધ્યપ્રદેશ.

૫. કૃષ્ણ મોહન ત્રિપાઠી : નિયામક, માધ્ય. શિક્ષણ અને ઉત્તરપ્રદેશ ઉચ્ચશાળા તેમજ માધ્યમવર્તી પરીક્ષાસમિતિના ભૂતપૂર્વ અધ્યક્ષ, ઉત્તરપ્રદેશ.

૭. મઝહર માસિફ : પ્રાધ્યાપક, પર્શિયન અને મધ્યએશિયા અભ્યાસકેન્દ્ર, ભાષાશાળા, સાહિત્ય અને સાંસ્કૃતિક અભ્યાસ, જવાહર નહેરુ વિશ્વવિદ્યાલય, દિલ્હી.

૮. એમ.કે. શ્રીધરં : ભૂતપૂર્વ સભ્યસચિવ, કર્ણાટક કૉલેજ, કમિશન, બેંગાલુરુ કર્ણાટક.

૯. શકીલા ટી. શમ્સ : ખાસ ફરજ પર અધિકારી (રાષ્ટ્રીય શિક્ષણનીતિ) ઉચ્ચ–શિક્ષણ વિભાગ, માનવીય સંસાધન–વિકાસ–મંત્રાલય, ભારતસરકાર, નવી દિલ્હી.

આમ અધ્યક્ષ ઉપરાંત ૮ સભ્યોની સમિતિ રચવામાં આવી. તેમાં આલેખ સમિતિના સભ્યો નીચે મુજબ હતા.

૧. મંજુલા ભાર્ગવ : આર. બ્રાન્ડોન ફ્રેડ પ્રોફેસર ઑફ મૅથેમેટિક્સ, પ્રિન્સટન યુનિટ, યુ.એસ.એ. (ભાર્ગવજી સમિતિનાં સભ્ય પણ છે જ)

૨. કે. રામચંદ્રન : સલાહકાર, રાષ્ટ્રીય–શિક્ષણ આયોજન અને વહીવટી સંસ્થા, નવી દિલ્હી.

૩. અનુરાગ બેહર : મુખ્ય સંચાલક અધિકારી, અઝમ પ્રેમજી ફાઉન્ડેશન તેમજ કુલપતિ, અઝીમ પ્રેમજી વિશ્વવિદ્યાલય, બેંગાલુરુ.

૪. લીના ચંદ્રન વાડીઆ : નિરીક્ષક સંશોધન સંસ્થા, મુંબઇ

- **રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ની ભલામણો**

ઈ.સ. ૨૦૧૫ કાર્યવાહી શરૂ થઇ તે સમિતિનો ઈ.સ. ૨૦૧૭ના જૂનમાં તે કસ્તૂરીરંજન જેવા ઇસરોના વૈજ્ઞાનિકની અધ્યક્ષતામાં સમિતિએ કાર્ય શરૂ કર્યું. ઈ.સ.૨૦૧૯ના મે માસમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ સમિતિએ પોતાના અહેવાલની ૪૫૦ પૃષ્ઠની રૂપરેખા આલેખ સ્વરૂપે કેન્દ્ર સરકારે પ્રકાશિત કરી. તેના ઉપર સમગ્ર દેશમાં ચર્ચાઓ–સેમિનાર–વર્કશૉપ–સંવાદ પરિણામ રૂપે કેન્દ્રસરકારની કૅબિનેટે ૨૯ જુલાઇ, ઈ.સ.૨૦૨૦માં રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ મંજૂર કરી. રાજ્યોએ આયોજન–અમલીકરણ કરવાનું શરૂ કરી દીધું છે. આ રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦નો અહેવાલ ૨૭ પ્રકરણો, ૫૦૦ પૃષ્ઠ અને ૧૦૦ પૃષ્ઠ પરિશિષ્ઠ મળી ૬૦૦ પૃષ્ઠનો છે. આઇ.આઇ.ટી.એ. તેનો ગુજરાતી ભાવાનુવાદ ૧૪૦ પૃષ્ઠમાં મૂક્યો છે.

આ રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦નું પ્રથમ અમલીકરણ કેન્દ્રસરકારે જે ૧૯૮૬થી માનવ–સંસાધન વિકાસ મંત્રાલયનું નામ હવેથી ‘કેળવણીખાતુ’ પહેલાં હતું તે જ અમલમાં મૂકી દીધું છે. હવે શિક્ષણમંત્રાલયના શિક્ષણમંત્રી માનનીય રમેશ પોખરિયાલ નિશંક છે.

## ૨. રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ની વિશેષતાઓ :

આ સમિતિએ ત્રણેક વર્ષ સખત પરિશ્રમ કરીને સ્વતંત્ર ભારતની રાષ્ટ્રીય કહી શકાય તેવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦નો વિગતે ભલામણ કરતો અહેવાલ કેન્દ્રના શિક્ષણ–મંત્રાલય દ્વારા અંગ્રેજી–હિન્દીમાં પ્રકાશિત થયો. આ નેશનલ એજ્યુકેશન પોલિસી–૨૦૨૦નો ગુજરાતની ભારતીય શિક્ષણ–પ્રશિક્ષણ સંસ્થાને

(આઈ.આઈ.ટી.ઈ.) ગુજરાતીમાં અનુવાદ કરીને આપણી સમક્ષ ૧૪૦ પૃષ્ઠનો રિપોર્ટ રજૂ કર્યો છે. આપણે આ ભલામણોને સંક્ષિપ્તમાં જોઈએ. ચાર વિભાગમાં રજૂઆત થઈ છેઃ

**વિભાગ-૧. શાળાશિક્ષણ :**

૧.૧ પ્રારંભિક બાળ અને શિક્ષણનો પાયો

૧.૨ મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન

૧.૩ અપવ્યયનો દર ઘટાડવો અને તમામ સ્તરે શિક્ષણનું સાર્વત્રિકીકરણ નક્કી કરવું.

૧.૪ શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર

૧.૫ શિક્ષક.

૧.૬ સમાન અને સર્વસમાવેશક શિક્ષણ.

૧.૭ શાળા સંકુલ/જૂથ (ક્લસ્ટર)ની સહાયથી કાર્યક્ષમ પ્રશાસન અને અસરકારક રીતે સંસાધનો પૂરાં પાડવાની પ્રક્રિયા.

૧.૮ શાળાશિક્ષણ માટે ધારાધોરણો અને પ્રમાણીકરણ.

**વિભાગ : ૨ ઉચ્ચ શિક્ષણ :**

૨.૧ ગુણવતાયુક્ત વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયો : ભારતીય ઉચ્ચશિક્ષણ વ્યવસ્થાન માટે એક નવો ભવિષ્યોન્મુખ દૃષ્ટિકોણ.

૨.૨ સંસ્થાકીય પુનર્ગઠન અને એકત્રિકીકરણ.

૨.૩ સર્વાંગી અને બહુવિદ્યાશાખાકીય શિક્ષણ તરફ.

૨.૪ શ્રેષ્ઠતમ અધ્યયન વાતાવરણ અને વિદ્યાર્થીઓ માટે સહાયતા.

૨.૫ પ્રેરિત, ઉત્સાહિત અને અધ્યાપકો.

૨.૬ ઉચ્ચશિક્ષણમાં સમાનતા અને સમાવેશન.

૨.૭ શિક્ષક–પ્રશિક્ષણ.

૨.૮ વ્યાવસાયિક શિક્ષણનું પુનર્ગઠન.

૨.૯ નવા રાષ્ટ્રિય સંશોધન–પ્રતિષ્ઠાન દ્વારા દરેક ક્ષેત્રમાં ગુણવત્તાયુક્ત શૈક્ષણિક સંશોધનને ઉત્પ્રેરણા.

૨.૧૦ ઉચ્ચશિક્ષણની નિયમકારી પ્રણાલીમાં આમૂલ પરિવર્તન.

૨.૧૧ ઉચ્ચશિક્ષણ સંસ્થાઓ માટે અસરકારક પ્રશાસન અને નેતૃત્વ.

**વિભાગ : ૩ અન્ય કેન્દ્રવર્તી શિક્ષણક્ષેત્રો**

૩.૧ વ્યાવસાયિક શિક્ષણ : ૬ ભલામણો

૩.૨ પ્રૌઢશિક્ષણ અને આજીવન અધ્યયન

૩.૩ ભારતીય ભાષાઓ, કલા અને સંસ્કૃતિનું સંવર્ધન

૩.૪ તક્નિકીનો ઉપયોગ અને સમન્વય

૩.૫ ઑનલાઈન અને ડિજિટલ શિક્ષણ : તક્નીકોનો ન્યાયપૂર્ણ ઉપયોગ નિશ્ચિત કરવો.

**વિભાગ : ૪ અમલીકરણ વ્યૂહરચના :**

૪.૧ કેન્દ્રીય શિક્ષણસલાહકાર બોર્ડનું સશક્તિકરણ

૪.૨ નાણાંકીય વ્યવસ્થા બધાને પરવડે તેવું ગુણવત્તાયુક્ત શિક્ષણ

૪.૩ અમલીકરણ

- **રાષ્ટ્રીય શિક્ષણનીતિઃ ૨૦૨૦ની ભલામણની ઝલક :**

૪.૧ પહેલાંની ૧૯૮૬ની શિક્ષણનીતિની ૧૦+૨ની તરેહ રદ થાય છે. હવે

૫+૩+૩+૪ વર્ષની નવી તરેહ અમલમાં આવશે, જેમાં

**૦૫ વર્ષનો પ્રારંભિક કક્ષાનો પાયાનો અભ્યાસ**

– ૪ વર્ષની ઉંમરે નર્સરી

– ૫ વર્ષની ઉંમરે જુનિયર કે.જી.

– ૬ વર્ષની ઉંમરે સિનિયર કે. જી.

– ૭ વર્ષની ઉંમરે ધોરણ–૧ – બે ધોરણ પ્રાથમિક

– ૮ વર્ષની ઉંમરે ધોરણ–૨ – બે ધોરણ પ્રાથમિક

આ પાંચ વર્ષનો પાયાનું પ્રારંભિક શિક્ષણસંકુલ સાથે જ રહેશે. અત્યાર સુધી પૂર્વપ્રાથમિક શિક્ષણની જવાબદારી સરકારે સ્વીકારી ન હતી, હવેથી સરકારે સ્વીકારી. આઝાદી પછી આ પ્રથમ વાર બને છે.

**૦૩ વર્ષની તૈયારીનો તબક્કો :**

– ૯ વર્ષની ઉંમરે ધો. ૩ (આ તબક્કાને નિમ્ન પ્રાથમિક કે

– ૧૦ વર્ષની ઉંમરે ધો. ૪ જુનિયર પ્રાથમિક તબક્કો કહી શકીએ.)

– ૧૧ વર્ષની ઉંમરે ધો. ૫

**૦૩ વર્ષની મધ્ય તબક્કો :**

– ૧૨ વર્ષની ઉંમરે ધો. ૬ (આને મિડલ સ્કૂલ કહી શકીએ.)

– ૧૩ વર્ષની ઉંમરે ધો. ૭

– ૧૪ વર્ષની ઉંમરે ધો. ૮

**૦૪ વર્ષનો માધ્યમિક તબક્કો :**

– ૧૫ વર્ષની ઉંમરે ધો. ૯

– ૧૬ વર્ષની ઉંમરે ધો. ૧૦ (એસ.એસ.સી. બોર્ડ રહેશે નહીં.)

– ૧૭ વર્ષની ઉંમરે ધો. ૧૧

– ૧૮ વર્ષની ઉંમરે ધો.૧૨ જાહેર માધ્યમિક પરીક્ષા એચ.એસ.સી. બોર્ડ રહેશે. દસમાનું બોર્ડ દૂર થશે. ૧૯મા વર્ષે ઉ.મા. શાળાંતપરીક્ષા પાસ કરનાર કૉલેજના પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થી ૧૮+ઉંમરે શાળા શિક્ષણ પૂર્ણ કરશે.

– પાંચમી સુધીના વિદ્યાર્થીઓને ફક્ત માતૃભાષા, સ્થાનિક ભાષા અને રાષ્ટ્રીય ભાષાના માધ્યમમાં ભણાવવામાં આવશે. બાકીના વિષયો ભલે અંગ્રેજી હોય પણ તે વિષય તરીકે શીખવવામાં આવશે.

**ઉચ્ચશિક્ષણ :**

કૉલેજની ડિગ્રી ૩ અને ૪ વર્ષની હશે. એટલે કે, ગ્રૅજ્યુએશનના પ્રથમ વર્ષે સર્ટિફિકેટ, બીજા વર્ષે ડિપ્લોમાં અને ત્રીજા વર્ષે ડિગ્રી આપવામાં આવશે.

આ ત્રણ વર્ષની ડિગ્રી તે વિદ્યાર્થીઓ માટે છે, જેમણે આગળનું ઉચ્ચશિક્ષણ લેવાનું નથી.

- જે આગળનું ઉચ્ચશિક્ષણ લેવા માગે છે તે વિદ્યાર્થીઓએ ૪ વર્ષની ડિગ્રી કરવી પડશે. ચાર વર્ષની ડિગ્રી લેનારા વિદ્યાર્થીઓ એક વર્ષ અનુસ્નાતક કરી શકશે.
- હવે એમ.ફિલ. કરવાની જરૂર નથી. અનુસ્નાતક વિદ્યાર્થીઓ સીધા જ પીએચ.ડી. કરી શકશે.
- ઉચ્ચશિક્ષણમાં ૨૦૩૫ સુધીમાં કુલ નોંધણીપ્રમાણ ૫૦ ટકા થશે.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ હેઠળ જો કોઇ વિદ્યાર્થી કોઇ ઉચ્ચશિક્ષણમાં અભ્યાસક્રમની મધ્યમાં બીજો કોઇ કોર્સ કરવા માગે છે, તો પછી તે પ્રથમ કોર્સથી મર્યાદિત સમય માટે વિરામ લઇને બીજો અભ્યાસક્રમ લઇ શકે છે.
- ઉચ્ચશિક્ષણમાં પણ સુધારાવધારા કરવામાં આવેલ છે. સુધારાઓ શૈક્ષણિક,

વહીવટી અને નાણાંકીય સ્વાયતત્તા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રાદેશિક ભાષાઓમાં ઇ–અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે. વર્ચ્યુઅલ પ્રયોગશાળા વિકસિત કરવામાં આવશે.

– રાષ્ટ્રીય શૈક્ષણિક વૈજ્ઞાનિક મંચ (NEFTF) શરૂ કરવામાં આવશે. દેશમાં ૪૫ હજાર કૉલેજો છે.

– એકસમાન નિયમો તમામ સરકારી, ખાનગી, ડિમ્ડ સંસ્થાઓ માટે રહેશે. આ નિયમ મુજબ નવું શૈક્ષણિક સત્ર શરૂ કરી શકાશે. અને તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓ આ સંદેશ કાળજીપૂર્વક વાંચશે.

– ભારતીય ભાષા શીખવવામાં નિપુણ વરિષ્ઠ અને નિવૃત્ત શિક્ષકોને કૉલેજ–યુનિવર્સિટીઓમાં, સારા પગારે ગોઠવી તેમનો લાભ લેવામાં આવશે.

– એકવીસમી સદીની આ રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ ઓગણીસમી સદીની મધ્યમથી ચાલી આવતી મેકોલેની શિક્ષણ પ્રણાલીને તિલાંજલિ આપી ભારતીય સંસ્કૃતિ, અસ્મિતા, સંસ્કાર અને પ્રણાલી ઊભી કરશે. કેળવણીના સ્વાશ્રયી આદર્શ મહાત્માજીની નઈ તાલીમને સાકાર કરશે.

– ૨૦૩૦ સુધીમાં તમામ બી.એડ્. કૉલેજો ચારવર્ષીય બી.એડ્. કોર્સિસમાં પરિવર્તિત થશે.

આમ, આ શિક્ષણનીતિ ભારતમાં પ્રથમ વાર રાષ્ટ્રીય બનશે.

# NEP 2020 પર માનનીય શિક્ષણમંત્રી શ્રી ચુડાસમા સાહેબનું ચિંતન

કોઈપણ દેશના આર્થિક, સામાજીક કે પછી સાંસ્કૃતિક વિકાસના મૂળમાં જે તે દેશની શિક્ષણ નીતિનું યોગદાન ખૂબ જ મહત્વ ધરાવે છે. ભારત એ જુદી–જુદી સંસ્કૃતિ અને ભાષાઓનો સમન્વય ધરાવતો દેશ છે. વિવિધતામાં એકતાને ચરિતાર્થ કરવા માટે તાજેતરમાં જ ભારત સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિને અમલમાં મૂકવાની માન્યતા આપવામાં આવી છે. જેનાથી દેશની આગામી પેઢીનો પુસ્તકીય જ્ઞાનને બદલે સર્વાંગી વિકાસ થશે. ભારતમાં શિક્ષણ ક્ષેત્રે ગુરૂકૂળ પદ્ધતિથી લઈને આજની આધુનિક શિક્ષણ નીતિમાં સતત બદલાવ જોવા મળ્યો છે. આઝાદી પછી વર્ષ–૧૯૬૮, ૧૯૮૬/૯૨ અને આ વર્ષે ૨૦૨૦માં નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા લીલી ઝંડી મળતાં આગામી ટૂંકાગાળામાં હાલની શિક્ષણ પદ્દતિ તદ્દન નવા સ્વરૂપમાં જોવા મળશે. દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલ માટે છેલ્લા કેટલાક સમયથી વિવિધ પ્રકારે સમીક્ષા કરવામાં આવી છે. ઈસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ અને તાજેતરમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અધ્યક્ષ શ્રી કે. કસ્તુરીરંગનની વડપણ હેઠળ સમીક્ષા સમિતિ દ્વારા દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અમલમાં લાવવા માટે છેલ્લા ૩૪ વર્ષમાં પ્રથમ વખત યોગ્ય પગલા ભરવામાં આવ્યા છે.

નવી શિક્ષણ નીતિના ડ્રાફ્ટ માટે માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા દેશના શિક્ષણવિદો અને આમજનતા પાસેથી પણ તેઓના મંતવ્ય મંગાવીને તેના પર સંપૂર્ણપણે ચર્ચા–વિચારણા કરીને નવી શિક્ષણ નીતિનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં દેશભરમાંથી અલગ અલગ રાજ્યોના શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા અનેક તજજ્ઞો દ્વારા અંદાજીત ૨.૨૫ લાખ મંતવ્યો માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયને મળ્યા હતા. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ એ આગામી પેઢીના ઉન્નત ભવિષ્ય માટેની નવી શરૂઆત છે. દેશમાં બાળ વિકાસથી લઈને ઉચ્ચતર શિક્ષણ અને રિસર્ચ સુધીના અભ્યાસક્રમો માટે આ શિક્ષણ નીતિથી આમૂલ પરિવર્તન આવશે. નવી શિક્ષણ નીતિમાં માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયનું નામ બદલીને શિક્ષણ મંત્રાલય કરવામાં આવ્યું છે.

અંદાજિત ૩૦૦થી પણ વધારે પાનાનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં

મુખ્યત્વે છ મુદ્દા જેવા કે, સ્કૂલ એજ્યુકેશન, ભાષા, ઉચ્ચતર શિક્ષણ, ટેક્નોલોજી, ફાઈનાન્સ અને આ તમામ બાબતોનું અમલીકરણના મહત્વના મુદ્દાને સાંકળી લેવામાં આવ્યા છે. અત્યાર સુધી શાળાકીય શિક્ષણ બાબતે દેશમાં ૧૦+૨ પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવતું હતું. હવે ૫+૩+૩+૪ની પદ્ધતિનું નવી શિક્ષણ નીતિમાં અમલીકરણ કરાશે. દેશમાં શાળાકીય શિક્ષણને ફાઉન્ડેશન સ્ટેજથી લઈને સેકન્ડરી એજ્યુકેશન સુધી ચાર ભાગમાં વહેંચવામાં આવ્યું છે. જેના પ્રથમ સ્ટેજમાં પાંચ વર્ષનો સમયગાળો રાખવામાં આવ્યો છે. પ્રથમ ૩ વર્ષ પ્રિ–પ્રાઈમરી એટલે કે આંગણવાડી માટે નક્કી કરવામાં આવ્યા છે. બાળ વિકાસને પ્રાધાન્ય આપીને શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકર્તાઓ દ્વારા બાળકોને રમત–ગમત દ્વારા કેવી રીતે માનસિક વિકાસ કરવો તે બાબતે શિક્ષણ આપવામાં આવશે. ત્યારપછીના બે વર્ષ ધોરણ એક અને બેમાં બાળકને પ્રવેશ અપાશે. ફાઉન્ડેશન સ્ટેજના પ્રથમ ત્રણ વર્ષમાં બાળ વિકાસની સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા "અર્લી ચાઈલ્ડ હૂડ કેર એન્ડ એજ્યુકેશન" માટે ત્રણ વર્ષ ફાળવવામાં આવ્યા છે. જેના માટે આંગણવાડી કાર્યકર્તાઓ જો સક્ષમ ના હોય તો, ધોરણ ૧૨ પાસ કરેલ કાર્યકર્તાઓને ૬ મહિનાનો સર્ટીફીકેટ કોર્સ અને ધોરણ ૧૨ પાસ નથી તેવી તમામ આંગણવાડી કાર્યકર્તા બહેનોને ૧ વર્ષ માટે ડિપ્લોમાં કોર્સ ભારત સરકાર દ્વારા કરાવવામાં આવશે. જેના કારણે બાળ વિકાસ સંબંધિત કોઈપણ પ્રકારે અન્યાય ના થાય.

બાળ શિક્ષણમાં પ્રિ–પ્રાઈમરી એજ્યુકેશન ખૂબ જ મહત્વ ધરાવે છે. જો બાળકનો પાયો મજબૂત હશે તો, આગામી દિવસમાં તે શિક્ષણરૂપી ઉત્તમ ઈમારત રચી શકશે. જે દેશના વિકાસમાં ખૂબ જ સહયોગી થશે. કેન્દ્ર સરકાર દ્વારા "રાઈટ ટુ એજ્યુકેશન" (આરટીઈ)માં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ સુધારાના કારણે આગામી દિવસમાં દેશના દરેક સ્તરના વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રાપ્ત કરવાનો હક મળશે તથા સ્કૂલ ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટશે.

બંધારણ સંબંધિત કેટલાક મહત્વના મુદ્દાઓ પર આગામી સમયમાં સંસદ દ્વારા પણ સંશોધન બિલ પસાર કરીને આરટીઈ અને શિક્ષણ બાબતેના અધિકારોમાં વિદ્યાર્થીઓના હિતલક્ષી સુધારા કરવામાં આવશે. સ્ટેજ ત્રણ વર્ષનો હશે. જેમાં ધોરણ ૩ થી ૫ સુધી ત્રણ વર્ષના મોડેલ પર અભ્યાસ કરવામાં આવશે. જ્યારે મિડલ સ્ટેજ અને સેકન્ડરી સ્ટેજ પર અનુક્રમે ૩ વર્ષ માટે ધોરણ ૬ થી ૮ અને માધ્યમિક સ્કૂલમાં ૪ વર્ષ માટે, ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે. નવી

શિક્ષણનીતિનો એક મહત્વનો સરાહનીય નિર્ણય એ છે કે, સેકન્ડરી સ્ટેજના વિદ્યાર્થીઓ ઉપરાંત વિદ્યાર્થીઓની ટકાવારી કરતા પણ તેમના જ્ઞાન ઉપર વધુ ભાર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત વિદ્યાર્થી જો કોઇ વિષયમાં નબળો છે તો, વિદ્યાર્થી દ્વારા એડવાન્સ અને મીડિયમ લેવલના સ્તરની પસંદગી કરીને જે–તે વિષયની પરીક્ષા આપી શકાશે. વિદ્યાર્થી દ્વારા પસંદ થયેલા સ્તર મુજબ જ તેઓની પરીક્ષા લેવાશે. જેનાથી ફેઇલ રેશિયો પણ ઘટશે અને વિદ્યાર્થીને કોઇ એક ક્ષેત્રમાં કારકિર્દી બનાવી હશે, તો તેમાં ગણિત, વિજ્ઞાન અને અન્ય મહત્વના વિષયોમાં પણ સરળતાથી પાસ કરીને આગળ વધી શકશે. સર્વાંગી વિકાસના ખ્યાલને અપનાવીને સાચા અર્થમાં ક્યારથી પસંદગી અનુસાર ક્રેડિટ સિસ્ટમ અમલમાં મૂકાશે. આ પ્રકારના પરિવર્તનને કારણે વિદ્યાર્થીઓનો દરેક ક્ષેત્રે સર્વાંગી વિકાસ થશે. આ ઉપરાંત અન્ય કલા અને રમત–ગમત ક્ષેત્રના વિષયને પણ દરેક વિષયની સમકક્ષ ગણવામાં આવશે.

નવી શિક્ષણ નીતિના કારણે આગામી દિવસોમાં એન.સી.ઇ.આર.ટી.ના કોર્સમાં પણ બદલાવ કરવામાં આવશે. આ સમગ્ર પેટર્ન આગામી વર્ષ ૨૦૨૨ના શૈક્ષણિક વર્ષથી લાગુ કરવાનો સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવહી રહ્યો છે. નવી શિક્ષણ નીતિના મહત્વના મુદ્દાઓ અને લક્ષ્યને ધ્યાનમાં રાખીએ, તો પ્રાઇમરી લેવલ પર ૨૦૨૫ સુધી ૧૦૦% સાક્ષરતાં લાવવાનો લક્ષ્યાંક છે. આ ઉપરાંત ટીચર ટ્રેનિંગ માટે દીક્ષા પોર્ટલને હાઇક્વોલિટી ટેક્નોલોજીથી સુસજ્જ કરીને ડિજિટલ શિક્ષણ બાબતેના યોગ્ય પ્રકારના નવા રિસોર્સિસ ઉમેરવામાં આવશે. વર્ષ ૨૦૩૫ સુધી દેશભરના તમામ રાજ્યોના વિદ્યાર્થીઓમાં સ્કૂલ શિક્ષણ બાબતે ગ્રોસ એનરોલર્મેન્ટ રેશિયો વધે તે માટેના નક્કર પગલાં પણ લેવામાં આવશે. પ્રાઇમરી એજ્યુકેશનનો રેશિયો કંઇક અંશે સકારાત્મક છે, પરંતુ જેમ–જેમ બાળક આગળ વધતું જાય છે, તેમ–તેમ કેટલાક સામાજિક, આર્થિક કે અન્ય કારણોસર ગ્રોસ અનરોલમેન્ટ રેશિયોમાં સતત ઘટાડો થતો જોવા મળે છે. ધોરણ ૧૧ અને ૧૨માં આ રેશિયો માત્ર ૫૬% જ છે. જ્યારે હાયર એજ્યુકેશનમાં પણ સરેરાશ ૫૦% એટલે કે બે ગણો વધારો કરવાનો લક્ષ્ય નિર્ધારીત કરવામાં આવ્યો છે. જેના કારણે આગામી દિવસોમાં યુનિવર્સિટી અને કોલેજોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવશે. નવી નીતિમાં દરેક જિલ્લામા કાં તો દરેક બે જિલ્લાની વચ્ચે એક યુનિવર્સિટીની રચના

કરવાની પણ જોગવાઈ સરકાર દ્વારા કરવામાં આવી છે. જેનાથી અંતરિયાળ વિસ્તારમાં રહેતાં વિદ્યાર્થીઓને દૂર સુધી શિક્ષણ મેળવવા માટે જવું પડશે નહીં અને તેનાથી ડ્રોપ આઉટ રેશિયોમાં પણ ખૂબ જ મોટા પ્રમાણમાં તફાવત જોવા મળશે.

વર્ષ–૨૦૦૪માં સંસદ દ્વારા કરાયેલ ૯૨માં બંધારણીય સુધારા અને બંધારણના ભાગ ૧૭ના અનુચ્છેદ ૩૪૩થી ૩૫૧ના પરિશિષ્ટ–૮ મુજબ ભારતમાં ૨૨ ભાષાઓને બંધારણીય માન્યતા પ્રાપ્ત થયેલી છે. ભારત જેવા વિશાળ દેશમાં જુદા–જુદા ક્ષેત્રમાં તેની માતૃભાષાને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે. તે જ રીતે નવી શિક્ષણ નીતિમાં પણ માતૃભાષાને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે. ધોરણ પાંચ સુધી ફરજિયાત દરેક સરકારી અને બિનસરકારી શાળાઓને માત્ર માતૃભાષામાં જ શિક્ષણ આપવા માટે સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત જો શક્ય હોય તો ધોરણ–૮ સુધી પણ જે તે રાજ્યની માતૃભાષામાં શિક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. મનોવૈજ્ઞાનિક રીતે જોવા જઈએ તો, કોઈપણ બાળકનો વિકાસ તેના ઘરમાં બોલાતી કે તેની માતૃભાષામાં અપાતા શિક્ષણને કારણે યોગ્ય અને ઝડપથી થાય છે. તેમજ ૨ થી ૮ વર્ષના બાળકનો વિકાસ તેમની માતૃભાષામાં સવિશેષ થતો જોવા મળે છે. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા પણ ૩ લેંગ્વેજ ફોર્મ્યુલા નવી શિક્ષણ નીતિના અમલીકરણમાં મૂકવામાં આવી છે. જેમાં દરેક શિક્ષણ સંસ્થાન ફરજિયાત પણે ૨ ભારતીય ભાષા અને ૧ વિદેશી ભાષા એટલે કે, એક માતૃભાષા ત્યાર પછી હિન્દી, સંસ્કૃત કાં તો જે–તે રાજ્યની વૈકલ્પિક ભાષા અને એક વિદેશી એટલે કે અંગ્રેજી અથવા અન્ય ભાષામાં શિક્ષણ આપી શકાશે.

ઉચ્ચતર અભ્યાસ માટે ધોરણ–૧૨ પછી દેશની સમગ્ર યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે, તે માટે ધ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા કોમન એન્ટ્રન્સ એક્ઝામ લેવામાં આવશે. વિદ્યાર્થીઓને જે વિષયમાં રસ હોય તે વિષય સહિત અન્ય એક કોમન એપ્ટિટ્યુડ ટેસ્ટ આપવાનો રહેશે. જેના દ્વારા દેશની તમામ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. આ પરીક્ષા વર્ષમાં બે વખત યોજવામાં આવશે. જેનાથી વિદ્યાર્થીઓની જેમાં સારી ટકાવારી હશે, તે મુજબ જે તે કોર્સ અને કોલેજમાં સરળતાથી પ્રવેશ મેળવી શકશે. જો કે કેટલાક પ્રોફેશનલ કોર્સિસ જેવા કે મેડિકલ, મેનેજમેન્ટ અને અન્ય કોર્સમાં પહેલાંથી જ આ પ્રકારની

પરીક્ષા ધ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવામાં આવતી હોવાથી તેને કાર્યરત રાખવામાં આવશે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની જગ્યાએ હવે દેશમાં હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયાની રચના કરવામાં આવશે. જેના અધ્યક્ષસ્થાને દેશના વડાપ્રધાનની બંધારણીય રીતે જોગવાઈ કરવામાં આવશે. આ ઉપરાંત મેડિકલ, લીગલ અને ટેકનિકલ વગેરે જેવી અલગ–અલગ બોડી સમાપ્ત થશે. આવનારાં ૧૫ વર્ષમાં તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓને સ્વતંત્ર ચલાવવાની માન્યતા અપાશે. જેથી કરીને આગામી વર્ષોમાં કોઈપણ કોલેજને માન્યતા લેવાની જરૂર પડશે નહીં. જેનાં કારણે શિક્ષણનો વ્યાપ પણ વધશે. દેશની યુવા પેઢી અત્યારે કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારત અભિયાનમાં સહયોગી થવા માટે અનેક પ્રકારે કાર્યરત છે. તેમના આ પ્રયાસને વેગવંતો બનાવવા અને તેમાં સહાયરૂપ થવાના હેતુથી નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની રચના કરવામાં આવશે. જેનાં કારણે યુનિવર્સિટી અને કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે–સાથે રિસર્ચ સંબંધિત કાર્ય પણ કરી શકે. તે માટે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા ફંડ પૂરું પાડવામાં આવશે. જેનાથી ભારત દેશની ઈકોનોમીમાં પણ આમૂલ પરિવર્તન જણાશે.

રિસર્ચ સંબંધિત કોર્સ માટે વિદ્યાર્થીઓ ચાર વર્ષનો અંડર ગ્રેજ્યુએશન કરીને રીસર્ચ ગ્રેજ્યુએટની ડિગ્રી પ્રાપ્ત કરી શકશે. હાયર એજ્યુકેશનમાં આ બાબતે મહત્ત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થી માસ્ટર ડિગ્રી મેળવીને પીએચડીમાં સીધો પ્રવેશ મેળવી શકશે. હવે એમ.ફીલ કોર્સને બંધ કરવામાં આવ્યો છે. ૪ વર્ષના અંડર ગ્રેજ્યુએટ કોર્સમાં વિદ્યાર્થીઓ માટે મલ્ટીપલ એક્ઝિટ ઓપ્શન પણ રાખવામાં આવ્યા છે જેથી કરીને જો વિદ્યાર્થી કોઈ એક વિષયમાં ગ્રેજ્યુએશન શરૂઆત કરે છે અને તે વિષય અનુકૂળ પડતો નથી તો પ્રથમ વર્ષ પછી તે અભ્યાસક્રમ છોડે તો તેને જે તે વિષયમાં એક વર્ષનો સર્ટિફિકેટ કોર્સ કરેલો માન્ય રાખવામાં આવે છે. જો ૨ વર્ષ અભ્યાસ કરીને કોર્સ છોડે તો, એડવાન્સ ડિપ્લોમા સિર્ટિફીકેટ આપવામાં આવશે. ૩ વર્ષ પછી અભ્યાસક્રમ છોડે તો, બેચલર ડિગ્રીનું પ્રમાણપત્ર આપવામાં આવશે. જો વિદ્યાર્થી સંપૂર્ણ ચાર વર્ષ પૂર્ણ કરે છે, તો તેને બેચલર ડિગ્રી અને રિસર્ચરની ઉપાધિથી નવાજવામાં આવશે. આમ જો કોઈ વિદ્યાર્થી સામાજિક, આર્થિક કે અન્ય કોઈ કારણોસર પોતાનો અભ્યાસ છોડે છે, તો તેના દ્વારા અભ્યાસ કરવામાં આવેલાં

વર્ષને ફેલ ગણવામાં આવતું નથી. ભવિષ્યમાં પણ તે વિદ્યાર્થી આ તમામ પ્રકારનાં સર્ટિફિકેટ કોર્સ દ્વારા રોજગાર સંબંધિત બાબતોમાં પણ નોંધણી કરાવી શકે છે. ચાર વર્ષ સુધી અંડર ગ્રેજ્યુએટ ડિગ્રીનો અભ્યાસક્રમ કર્યો હશે તેવા વિદ્યાર્થીને માસ્ટર ડિગ્રી માત્ર એક વર્ષ માટે જ કરવાની રહેશે અને જો તેને ત્રણ વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હશે તો ૩+૨ના ફોર્મેટમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસક્રમ કરવો પડશે. ત્યારબાદ પીએચડી જેવા ઉચ્ચ અભ્યાસક્રમો માટે પ્રવેશ મેળવી શકશે. ઉચ્ચ અભ્યાસમાં આ પ્રકારના એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ લાગુ કરીને તેમના કોર્સ અને ટકાવારીને માન્ય રાખતા વિદ્યાર્થીઓના હિતલક્ષી નિર્ણયને કારણે આગામી દિવસોમાં દેશના યુવાનોને આર્થિક અને શૈક્ષણિક રીતે પણ ખૂબ મોટા પ્રમાણમાં ફાયદો થશે જેથી કરીને નવી શિક્ષણ નીતિ આગામી પેઢીને સાચા અર્થમાં ફળશે.

૨૧મી સદીનો સમય એટલે કે, ટેક્નોલોજી અને યુવા ટેક્નોક્રેટનો સમય. આજના આધુનિક શિક્ષણમાં ટેક્નોલોજીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરીને દેશના દરેક ક્ષેત્રમાં શિક્ષણનું આદાનપ્રદાન થાય, તે હેતુસર નવી શિક્ષણ નીતિ દ્વારા નેશનલ એજ્યુકેશન ટેક્નોલોજિકલ ફોરમ બનાવવામાં આવશે. જેમાં ટીચિંગ લર્નિંગ એસેસમેન્ટ, એજ્યુકેશન અને પ્લાનિંગ તથા કેટલાક સમુદાય સંબંધિત ઓપન ઓનલાઈન કોર્સિસ, દિવ્યાંગો માટે ફ્રેન્ડલી એજ્યુકેશન સોફ્ટવેર અને જુદી જુદી ભાષાઓમાં સ્પર્ધાઓનાં કારણે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે ઈ–કોન્ટેસ્ટ પણ ચલાવવામાં આવશે. રિસર્ચ સંબંધિત કેટલીક બાબતોને ધ્યાનમાં રાખતા વર્ચ્યુઅલ લેબનો પણ પ્રારંભ કરવામાં આવશે. વિદ્યાર્થીઓની પરીક્ષામાં પારદર્શકતા લાવવાના હેતુસર ઓનલાઈન પરીક્ષાનું પણ આયોજન આગામી વર્ષોમાં કરવામાં આવશે.

ચાણક્ય દ્વારા કહેવામાં આવ્યું છે કે, શિક્ષક ક્યારેય સાધારણ નથી હોતો. આપણા સમાજે શિક્ષક માટે 'મા' સમકક્ષનું સ્તર એટલે કે માસ્તર જેવા શબ્દોથી તેમને બિરદાવ્યા છે. નવી શિક્ષણ નીતિમાં જેટલા પણ બદલાવ કરવામાં આવ્યા છે. તેના કેન્દ્રસ્થાને શિક્ષકને રાખવામાં આવ્યા છે, કારણ કે તે આપણી આગામી પેઢીને ઉજાગર કરે છે. તેમને સન્માનપૂર્વક સ્થાન આપવા માટે યોગ્ય પ્રકારના પગલા આ નીતિમાં લેવામાં આવ્યા છે. ઉચ્ચ ગુણવત્તાવાળા અભ્યાસુ શિક્ષકોની ભરતી કરવાના હેતુસર, આગામી સમયથી સી–ટેટ અને ટેટમાં ઈન્ટર્વ્યું અને પ્રેક્ટિકલ

સંબંધિત પરીક્ષાનો ઉમેરો કરવામાં આવશે. આ ઉપરાંત ભાષાને પણ એટલું જ મહત્ત્વ આપીને માતૃભાષાના જાણકાર શિક્ષકોને પ્રાધાન્ય અપાશે. વિદ્યાર્થીનાં જીવનમાં શિક્ષકનું પાત્ર ખૂબ જ મહત્ત્વનું હોય છે જે તેમના જીવન ઘડતર અને વ્યક્તિત્વ ઘડતરના પાયાના મૂળમાં સંસ્કાર અને જ્ઞાનનું સિંચન કરે છે. આ તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં શિક્ષકોની આંતરિક બદલીઓમાં પણ ઘટાડો કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવું છે તેઓ ૪ વર્ષનો બીએડનો અભ્યાસક્રમ ધોરણ ૧૨ પછી કરી શકશે. જો કોઈ વિદ્યાર્થી ૪ વર્ષ અંદર ગ્રેજ્યુએટ થઈને બીએડ કરવા ઈચ્છતો હોય તો તેને ૪+૧ અથવા ૨ વર્ષનો કોર્સ કરવો પડશે. આ રીતે વિદ્યાર્થીઓના અભ્યાસના વર્ષને સાંકળીને ઉત્તમ પ્રકારની શિક્ષણ નીતિ ભારત દેશને મળશે.

દેશના દરેક ક્ષેત્રમાં આર્થિક બાબતોને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે, કારણ કે તેના ખર્ચ સંબંધિત બાબતોને આપણા વાર્ષિક બજેટમાં પણ ધ્યાનમાં લેવા આવે છે. શિક્ષણ સંબંધિત ખર્ચ બાબતે અત્યાર સુધી આવેલી તમામ શિક્ષણ નીતિમાં દેશની કુલ જીડીપીના ૬ ટકા ભાગ શિક્ષણ પર ખર્ચવાનો નિર્ધાર કરવામાં આવેલ છે પરંતુ હાલના સમયમાં પણ તે ૪.૪૩ ટકા જ છે. સરકાર દ્વારા આગામી દિવસોમાં આ ટકાવારીમાં વધારો થાય અને કુલ જીડીપીના ૬ ટકા શિક્ષણ પાછળ ખર્ચાય તે બાબતે નક્કર પગલાં લેવામાં આવશે. આ ખર્ચમાં વિદ્યાર્થીઓના વિકાસ સંબંધિત અનેક યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થી અવસ્થામાં શિક્ષણની સાથે–સાથે પોષણક્ષમ આહાર પણ ખૂબ જ જરૂરી છે. જેના માટે મધ્યાહ્ન ભોજનનો કાર્યક્રમ વિસ્તૃત કરવામાં આવશે. જેમાં પૌષ્ટિક નાસ્તો અને પોષણક્ષમ ભોજન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવશે. ભાષાકીય અને ગણિત જેવા વિષયમાં વિદ્યાર્થીઓને રુચિ વધે તે માટે રાષ્ટ્રીય શિક્ષક પોર્ટલ પર ભાષા અને ગણિતના સંસાધનોનો રાષ્ટ્રીય ભંડાર ઉપલબ્ધ કરવામાં આવશે. વાંચનની પ્રવૃત્તિને વેગ મળે તે હેતુસર જાહેર અને શાળાના પુસ્તકાલયને વિસ્તૃત કરવામાં આવશે. જેના માટે શાળાકીય સુયોજનના તમામ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત પરિવહન તેમજ વિદ્યાર્થીઓની સલામતી બાબતે પણ તમામ પ્રકારનાં પગલાં ભરવામાં આવશે.

(સાભાર 'ફૂલછાબ', તા.૩–૯–૨૦૨૦)

# તસવીરો...



ડૉ. દીપક મહેતા રચિત
ક્વિઝનું વિમોચન



જીલ્લા કક્ષાનો
ઈનોવેશન ફેસ્ટિવલ



ભગવદ્ ગો મંડળ અને
દલપત ગ્રંથાવલિની સમીક્ષા



જીલ્લા કક્ષાના ઈનોવેશન
ફેસ્ટિવલમાં કૃતિ રજૂ કરતા શિક્ષક

**INNOVATION FESTIVAL 2021**

**QR કોડ સ્કેન કરો અને નિહાળો**
**જીલ્લાનો ઈનોવેશન ફેસ્ટિવલ**

**TOYS CATHON 2021**

**QR કોડ સ્કેન કરો અને નિહાળો**
**જીલ્લાનો TOYS CATHON**

બુક–પોસ્ટ

To ______________________________

______________________________

______________________________

**રવાના :**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

મુદ્રક : ઝબ્મા એન્ટરપ્રાઈઝ, સુરેન્દ્રનગર. (કુલ પેજ-૨૪)